# આગમ સાહિત્યનું અનુશીલન

(શ્રી રસીકલાલ સી. શેઠ, વડોદરા)

**મંગલાચરણ**

**(મન્દાક્રાન્તા)**

**"બોધા ગાધં સુપદ - પદવી નીર - પૂરાભિરામં;**
**જીવાહિંસા - વિરલ - લહરી - સંગમા ગાહ દેહં ।**
**ચૂલા - વેલં ગુરુગમ - મણી - સંકુલં દૂરપારં;**
**"સારં વીરાગમ - જલનિધિં" - સાદરં સાધુ સેવે ॥**

**અર્થઃ**-ચરમ તીર્થંકર શાસનપતિ પ્રભુ મહાવીર સ્વામીએ પ્રરૂપેલ "આ આગમ-સમુદ્ર અગાધ બોધજ્ઞાન વડે ગંભીર છે. સુંદર પદ રચના રૂપ જળના સમૂહ વડે મનોહર છે, જીવ-દયા અહિંસાના સિધ્ધાંતોની નિરંતર ઉછળતી લહરીઓના સંગમ વડે અતિ ગહન છે. ચૂલિકા રૂપ વેલ અર્થાત્ ભરતીવાળો છે, ઉત્તમ આલાપકરૂપી રત્નોથી ભરપૂર છે, જેનો સંપૂર્ણ પાર પામવો અર્થાત્ જ્ઞાન મેળવવું બહુ મુશ્કેલ છે, **અને જે આગમ વાણી ભવ્યજીવોને સારરૂપ છે અર્થાત્ એકમાત્ર કલ્યાણકારી છે, તેવા શ્રી મહાવીર પ્રભુના પરમ હીતકારી આગમરૂપી સમુદ્રને હું આદરપૂર્વક રૂડી રીતે સેવું છું."**

**પરમાર્થ :-** જેમ મહાસાગર અગાધ જળથી ભરપૂર હોવાથી અત્યંત ગંભીર હોય છે, તેમ તીર્થંકર ભગવંતોએ પ્રરૂપેલા જિનાગમ પણ અપરિમિત જ્ઞાનયુક્ત હોવાના કારણે અગાધ અને ગંભીર છે. વિશાળ જળરાશીથી ભરપૂર રહેવાને લીધે સમુદ્ર જેમ સોહામણો દેખાય છે, તેમ લાખો પદોની લલિત રચનાના કારણે આગમ પણ અભિરામ અર્થાત્ મનોહર લાગે છે. સતત ઉછળતા મોજાની લહરીઓના સંગમના લીધે સમુદ્રમાં ઊંડે સુધી પ્રવેશ કરવો જેમ કઠીન છે, તેમ જ અહિંસા - છએ કાયના જીવોની દયા પાળવા વિષયક સૂક્ષ્મ બોધથી પરિપૂર્ણ હોવાના કારણે આગમમાં પ્રવેશ કરવો પણ અતિ કઠણ છે. જેમ સમુદ્રને મોટા મોટા કિનારા હોય છે, તેમ આગમને મોટી મોટી ચુલિકાઓ (પરિશિષ્ટ) હોય છે. જેવી રીતે સમુદ્રમાં સાચા મોતી, મણી, રત્નાદિ કિંમતી વસ્તુઓ હોય છે, તેવી રીતે આગમ રૂપી સમુદ્રમાં પણ બહુ ઉત્તમ પરમાર્થવાળા ગમા, આલાવા (આલાપક), પર્યાયાદિ હોય છે. તીર્થંકર ભગવંતો સર્વજ્ઞ અને સર્વદર્શી હોય છે, તેથી તેમના વચન રૂપી અર્થબોધને અંતરમાં ધારણ કરી ગણધર ભગવંતો આદિ જ્ઞાની મહાત્માઓ એકેક વચનના અનંત ગણા અને પર્યાય વડે તેના ભાવ કહેતા હોય છે, તેવું અર્થ ગંભીર આ આગમ જ્ઞાન છે; તથા જેમ સમુદ્રનો સામો કિનારો બહુજ દૂરવર્તી અર્થાત્ બે ભુજાના બળ વડે પાર પામી શકાય તેવો નથી, નાવિકનો સહારો લઈને જ તેનો પાર પામી શકાય છે, તેમ આગમનો પણ પાર પામવો અર્થાત્ જિનવાણીનો મર્મ અને સંપૂર્ણ ભાવ સમજવો અતિ દુષ્કર છે, માત્ર જ્ઞાની ગુરુના શરણે જઈ વિનયપૂર્વક સેવાભક્તિ કરવાથી જ આગમના ભાવ યથાર્થ સમજી શકાય છે; અને સંસારના સર્વ સારભૂત પદાર્થોનાં આગમરૂપી જિન-વચન જ એક માત્ર સારભૂત અર્થાત્ જીવને કલ્યાણકારી છે, એવા **આગમની હું આદર અને વિધિપૂર્વક સેવાભક્તિ કરૂં છું.**



શ્રી રસીકલાલ સી. શેઠ

મંગલાચરણ રૂપે **આગમની સ્તુતિ કરીને** હવે તેની વ્યુતપત્તિ અને વ્યાખ્યા સમજીએ.

**વ્યુતપત્તિ :-** પૂર્વાચાર્યો એ જાદી જાદી રીતે વ્યુતપત્તિ કરી છેઃ-

સ્યાદ્વાદ મંજરી શ્લોક ૩૮માં કહ્યું છે :-

**"આપ્તવચનાદાવિર્ભૂતપર્થસંવેદન માગમઃ ।**

**આપ્તવચનાત્ આવિર્ભૂતમ્ અર્થસંવેદનમ્ આગમઃ ।**

**અર્થઃ-** આપ્ત પુરુષના વચનથી ઉત્પન્ન અર્થ (પદાર્થ-જીવાદિ વસ્તુ તત્ત્વ) નું યથાર્થ જ્ઞાન થાય તે **"આગમ"** છે

જેઓ રાગ-દ્વેષને સંપૂર્ણ જીતી લઈ સર્વજ્ઞ - સર્વદર્શી વીતરાગ કેવળી ભગવાન બન્યા છે તેવા તીર્થંકર ભગવંતો **"આપ્ત પુરુષ"** કહેવાય છે. તેમણે પ્રરૂપેલા શાસ્ત્રો આગમ છે. **"આગમ"** શબ્દ **"આ"** ઉપસર્ગ અને **"ગમ્"** ધાતુનો બનેલો છે. તેથી તેની વ્યુતપત્તિ આ રીતે પણ પૂર્વાચાર્યે કરી છે :-

**"આ- ગમ્યતે વસ્તુ તત્ત્વમનેને ત્યા ગમ : ।**

**અર્થાત્ "આ" = સમન્તાત્ = ચારે બાજુથી, ગમ્યતે** = ગતિ પ્રાપ્તિ છે, **"વસ્તુ તત્ત્વમ"** અર્થાત્ જીવાજીવાદિ પદાર્થો તત્ત્વોનું, યથાર્થ જ્ઞાન, **અનેન**=વડે **ઈતિ આગમઃ** ॥ એટલે કે જેના વડે વસ્તુ તત્ત્વોનું અર્થાત્ જીવાજીવાદિ નવ તત્ત્વોનું પરિપૂર્ણ યથાર્થ જ્ઞાન થાય તે **"આગમ"** છે.

શ્રી સિધ્ધસેન ગણીએ ભાષ્યાનુસારિણી ટીકામાં કહ્યું છેઃ-

**"આગચ્છત્યાચાર્ય-પરમ્પરયા વાચનાદ્વારેણે ત્યા ગમ : ॥**

**આગચ્છતિ આચાર્ય પરમ્પરયા વાચના દ્વારેણ ઈતિ આગમઃ ॥"**

**અર્થાત્** (તીર્થંકર ભગવંતોએ પ્રરૂપેલું) જે જ્ઞાન આચાર્ય પરંપરાથી



क्रोध करो मत मानवी, क्रोध करो अवरोध ।
जयन्तसेन सदा यही, दो स्वयं को बोध ॥

Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org

વાચના દ્વારા (શિષ્યોને) આપવામાં આવે છે તે "આગમ" છે. ટૂંકમાં **"આગમ"** એટલે :- આ આપ્ત પુરુષોએ કહેલી,

**ગ** = ગણધર ભગવંતોએ ગુંથેલી,

**મ** = મહર્ષિઓએ - મુનિવરો એ પ્રમાણેલી,

એવી જે અનુપમ આત્મહિતકારી વાણી તે "આગમ" એમ શ્રી આવશ્યક નિર્યુક્તિ ગાથા-૧૯૨, તથા ધવલા ભાગ-૧ એ ૬૪ માં પૂર્વાચાર્યોએ નીચેની ગાથાથી કહ્યું છે :-

**"અત્થં ભાસઈ અરહા, સુત્તં ગન્થન્તિ ગણહરા નિઉણં ।**

**સાણસ્સ હિયઠ્ઠાએ, તઓ સૂત્તં પવત્તઈ ॥**

**અર્થ** :- તીર્થંકર ભગવંતો માત્ર અર્થ રૂપે વચન કહે છે અને તે સાંભળીને ગણધર ભગવંતો તેની સૂત્ર રૂપે ગુંથણી કરે છે, ત્યારબાદ મુનિવરો જિનશાસનના હિતાર્થે તે સૂત્ર-સિધ્ધાંત ને તીર્થંકર ભગવંતના શાસન દરમ્યાન પ્રવર્તાવે છે.

તેથી જ જૈન આગમને સર્વજ્ઞ તીર્થંકર પ્રણીત કહ્યા છે.

**"તીર્થંકર પ્રણીત" નો મહિમા** બતાવતાં શાસ્ત્રકાર કહે છે :-

"તીર્થંકર ભગવંતને જન્મથી જ "મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અને અવધિજ્ઞાન" એ ત્રણ જ્ઞાન હોય છે, ત્યાર બાદ અવસરે સિધ્ધ પરમાત્માને વંદન નમસ્કાર કરી સ્વયં ભાગવતી દીક્ષા લઈ નિગ્રંથ મુનિ બને છે, ત્યારે ચોથું મનપર્યવ જ્ઞાન પ્રગટે છે. તેમ છતાં તેઓશ્રી ધર્મોપદેશ નથી કરતાં પણ સંયમ લઈને સર્વ પ્રથમ કાઉસગ્ગ-ધ્યાનાદિ તપની સાધના કરીને મોહનીયાદિ ચારે ઘાતી કર્મોને ખપાવે છે અર્થાત્ તે કર્મોનો નાશ કરીને **"કેવળજ્ઞાન અને કેવળદર્શન"** પ્રગટાવે છે, એટલે કે સર્વજ્ઞ અને સર્વદર્શી બને છે. ત્યાર પછી જ અર્થ પૂર્ણ વચનો ત્રિપદિ રૂપે - ઉત્પન્ને ઈ વા, વિગમે ઈ વા, ધ્રુવે ઈ વા" અર્થાત્ ઉપજે છે, નાશ પામે છે, (છતાં) ત્રિકાળ ધ્રુવ અર્થાત્ ત્રણે કાળમાં ટકી રહેવાના સ્વભાવવાળા શાશ્વતા છે. ગણધર ભગવંતોને પોતાના શ્રીમુખે કહે છે. આવા અનન્ય અર્થ ગંભીર વચનો સાંભળતાં જ ગણધરો અંતરમાં અનુપમ અધ્યાત્મ શાસ્ત્રોની - જૈનાગમની અદ્ભૂત ગુંથણી કરે છે એટલે કે બાર અંગસૂત્રોની દરેક ગણધર રચના કરે છે. તીર્થંકર ભગવંતના શ્રીમુખે આ ત્રિપદિનું શ્રવણ કરીને અંગ સૂત્રોની રચના કરી હોવાથી આને શ્રુતજ્ઞાન - સાંભળેલું જ્ઞાન કહેવાય છે.

**શ્રી સમવાયાંગ સૂત્રમાં** દ્વાદશાંગીને નીચે પ્રમાણે શાશ્વતી કહી છે :- દ્વાદશાંગીરૂપ ગણિપિટક ક્યારેય ન હતું એમ નથી, વર્તમાનમાં નથી એમ પણ નથી, ક્યારેય નહિ હોય એમ પણ નથી. તે પૂર્વે ભૂતકાળમાં હતું, વર્તમાનમાં છે, ને ભવિષ્યમાં હશે. તે ધ્રુવ છે, નિયત છે, શાશ્વત છે, અક્ષય છે, અવ્યય છે, અવસ્થિત છે અને નિત્ય છે."

ઉપરોકત સૂત્રમાં દ્વાદશાંગીને "ગણિપિટક" કહ્યું છે, તેનું કારણ એ છે કે દ્વાદશાંગીમાં મુખ્યત્ત્વે મુનિઓના અહિંસા, સંયમ અને તપરૂપી દયામય ધર્મના આચાર કેવા હોય અને તે સર્વ આચાર કેવા ઉપયોગપૂર્વક પાળવા તેનું કથન છે, જેથી દયામય અહિંસાધર્મ ઉત્તમ રીતે પળાય. હવે તેવો આચાર ધર્મ જે પોતે પાળે અને બીજા મુનિઓ પાસે પળાવે તેને ગણિ કહેતાં આચાર્ય કહ્યા છે અને તેમના આચાર પાળવાના નિયમો જેમાં રહેલા છે તેવી પેટીરૂપ દ્વાદશાંગીને ગણીને તેને ગણિપિટક કહ્યું છે, એટલેકે આચાર્યની આચાર પાળવાની ને પળાવવાની પેટી.

બારે અંગસૂત્રોના ભાવ અર્થ ગંભીર હોય છે. તેથી તેના ભાવ સ્પષ્ટ કરવા માટે દરેક અંગના ઉપાંગની રચના કરવામાં આવે છે. તેથી ઉપાંગ સૂત્રો પણ બાર છે, જેના ટુંક ભાવ નીચે છેઃ-

**બાર અંગ સૂત્રો :-**

૧. આચારાંગ સૂત્રઃ- મુનિવરોના આચાર ધર્મનુ નિરૂપણ છે.

૨ સૂયગડાંગ સૂત્રઃ- એકાંતવાદી અન્યમતોનું યુક્તિપૂર્વક નિરસન કરીને જિનમતના અનેકાંતવાદની સ્થાપના કરી છે, તદુપરાંત જીવાજીવાદિ પદાર્થોનું તથા સંયમધર્મનું રૂડું નિરૂપણ કરેલ છે.

૩ ઠાણાંગ સૂત્રઃ- જીવાજીવાદિ પદાર્થો તથા નદી, સરોવર, પર્વતાદિનું એક થી દશ બોલમાં દશ અધ્યયનમાં સંકલન કર્યું છે.

૪ સમવાયાંગ સૂત્રઃ- ઠાણાંગ સૂત્રની જેમ એક થી માંડીને કરોડ ઉપરાંતના પદાર્થોનું સંકલન કરેલ છે.

૫ ભગવતીજી સૂત્રઃ- ગૌતમ સ્વામીએ પૂછેલ અને શ્રમણ ભગવંત મહાવીર સ્વામીએ જવાબ આપેલ એવા ૩૬ હજાર પ્રશ્નોત્તર રૂપ અને દ્રવ્યાદિ ચારે અનુયોગમય છે.

૬ જ્ઞાતાધર્મકથાંગ સૂત્રઃ- આમાં ધર્મકથારૂપે દ્રષ્ટાંતો આપીને સાધુના શ્રમણધર્મ, ચરણસત્તરી, કરણપીંડ વિશુધ્ધિ આદિની પ્રરૂપણા કરીને જિનાજ્ઞાનો આરાધક મોક્ષ સન્મુખ થાય છે અને વિરોધક સંસાર ચક્રમાં ભમે છે તે બતાવ્યું છે.

૭ ઉપાસકદશાંગ સૂત્રઃ- ઉપાસક એટલે ધર્મની ઉપાસના કરનાર તે શ્રાવક. તેવી રૂડી ઉપાસના કરનાર આનંદા દશ શ્રાવકોનું ચરિત્ર કથન કરી, શ્રાવકધર્મના બાર વ્રત, તેના અતિચાર, ૧૧ પડિમા, પોષધ, પ્રત્યાખ્યાન, સંલેખના સંથારાદિ તપધર્મ વગેરે ભાવ પ્રરૂપ્યા છે.

૮ અંતગડ દશાંગ સૂત્રઃ- અણગાર ધર્મ સ્વીકારી જે ભવ્ય જીવો આયુષ્યના અંત સમયે કેવળજ્ઞાન ને કેવળદર્શન પ્રગટાવી ધર્મોપદેશ આપ્યા વગર નિર્વાણ પામી સિધ્ધ બુધ્ધ અને મુક્ત બને છે, તેવા શ્રી ગજસુકુમાર, અર્જુનમાળી વગેરેના અધ્યયનો છે, ને વિવિધ તપનું વર્ણન છે.

૯ અનુત્તરોવવાઈ સૂત્રઃ- આયુષ્ય ઓછું હોવાથી જે મહાત્માઓ તદ્ભવે મોક્ષ નથી પામી શકતા, કે પુણ્યની અત્યંત વૃધ્ધિ થવાથી એકાવતારીપણું પામી અનુત્તર વિમાનોમાં દેવપણે ઉપજી, ત્યાંથી ચ્યવી નિયમા મનુષ્યભવ પામી, સંયમ લઈ


क्रोध परस्पर में करे, प्रीति भक्ति का नाश ।
जयन्तसेन छोडे यदि, सद्गुण देत प्रकाश ॥
Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોક્ષે જશે તેવા શ્રી ધન્ના અણગાર આદિના અધિકારો છે.

૧૦ પ્રશ્નવ્યાકરણ સૂત્રઃ- પાંચ આશ્રવ ને પાંચ સંવરના દ્વારોનું રૂડું નિરૂપણ છે, હિંસા, મૃષાવાદ, અદત્તાદાન, અબ્રહ્મ પરિગ્રહ એ પાંચ આશ્રવ છે. તેના સેવનથી દુર્ગતિ મળે છે, અને તેના પ્રતિપક્ષી, અહિંસા, સત્ય, દત્તાદાન, બ્રહ્મચર્ય ને અપરિગ્રહનું પાલન કરવાથી જીવાત્મા કર્મ મળથી સર્વથા વિમુક્ત થઈ અવસરે સિધ્ધગતિ પામે છે તેમ કહ્યું છે.

૧૧ વિપાક સૂત્રઃ- અશુભ કરણીથી દુઃખ અને શુભ કરણી - સત્કાર્યોથી જીવ સુખ પામે છે તેના દ્રષ્ટાંતો સાથેનું કર્મવિપાકનું રૂડું નિરૂપણ છે.

૧૨ દૃષ્ટિવાદઃ- તેમાં ચૌદ પૂર્વાદિનું અપૂર્વ જ્ઞાન હતું. હાલ વિચ્છેદ છે.

**બાર ઉપાંગઃ-**

૧. ઉવવાઈ સૂત્ર :- કોણિક રાજાની ઋધ્ધિ ને ભક્તિનું, મહાવીરપ્રભુના સમવસરણનું, દેવ અને નારકીના ઉપ્પાત જન્મનું અને કેવળી સમુદ્‌ઘાતનું આમાં કથન છે.

૨ રાજપસેણીય સૂત્રઃ- અધર્મી પરદેશી રાજા કેમ ધર્મી બન્યો, અને રાણીએ ઝેર આપવા છતાં છતી શક્તિએ સમતા રાખી તો સૂર્યાભદેવ બની, દેવના સુખ ભોગવી પરંપરાએ મોક્ષે જશે તેનો અધિકાર છે.

૩ જીવાભિગમ સૂત્રઃ- ૧ થી ૧૦ પ્રકારે જીવના ભેદ કહ્યા છે, અજીવના ભેદ કહ્યા છે અને સંસારી ને સિધ્ધના જીવોનું નિરૂપણ છે.

૪ પન્નવણા સૂત્રઃ- જીવના ભેદાનુભેદ, અલ્પબહુત્ત્વ, ગતિ લેશ્યા, વેદ, કષાય, દૃષ્ટિ, ઉપયોગ, જ્ઞાન, કર્મયોગ, આહાર, સંજ્ઞા, ભાષા, પર્યાપ્તિ, ક્રિયા આદિનું ૩૬ પદોમાં કથન છે.

૫ જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિઃ- જંબુ દ્વીપના ભરતાદિ ક્ષેત્રનું, કાળચક્ર ને છ આરાનું, ઋષભદેવ ભગવાન ને ભરતચક્રવર્તીના ચરિત્ર વગેરેનું વર્ણન છે.

૬ સૂર્ય પ્રજ્ઞપ્તિઃ- સૂર્ય આદિ જ્યોતિષ ચક્રની ગતિનું, ઉદય અને અસ્તનું દિવસ અને મુહુર્તના માનનું સંસ્થાનનું ગ્રહોનું તાપ ક્ષેત્રાદિનું કથન છે.

૭ ચંદ્ર પ્રજ્ઞપ્તિઃ- ચંદ્રના જ્યોતિષ ચક્રનું, ગતિ આદિનું, સૂર્યની જેમ કથન છે, ઉપરોક્ત ત્રણે પ્રજ્ઞપ્તિમાં જૈન ગણિતાનુયોગનું કથન છે.

૮ નિરયાવલિકા સૂત્રઃ- લોભ-તૃષ્ણાદિને વશ પડેલા જીવો ને નર્કાદિ દુર્ગતિમાં જવું પડે છે તે કાલ આદિ ૧૦ કુમારોના દ્રષ્ટાંત આપી કહ્યું છે.

૯ કપ્પવડંસિયા સૂત્રઃ- શ્રેણિક રાજાના કાલ આદિ ૧૦ કુમારો જે કષાયને વશ થયા તો નરકમાં ઉપજ્યા તેમ નિરિયાવલિકા સૂત્રમાં કહ્યું, તો તેમના જ દસે પુત્રો સંયમ લઈ દેવલોકમાં ઉપજ્યા તેમ કહી પરમાર્થથી જીવાત્માના પતન, ઉત્થાન, દુર્ગતિ ને સુગતિનું કારણ તેના પોતાના જ કરેલા શુભાશુભ કર્મો કે ભાવો પર આધારિત છે તેવું જિનવચન અત્રે સિધ્ધ કર્યું છે.

૧૦ પુષ્ફિયા સૂત્રઃ- ચંદ્ર, સૂર્ય, શુક્ર, બૃહપુત્રિક આદિ દસ દેવો પ્રભુ મહાવીરના દર્શને આવી નૃત્યાદિ કરતાં ગૌતમ સ્વામીના પ્રશ્નના - જવાબમાં પ્રભુ તેમના પૂર્વભવ કહી કર્મસિધ્ધાંત અને પુનર્જન્મનું નિરૂપણ કરી, સ્વસમય અને પરસમયના રૂડા ભાવો સમજાવે છે.

૧૧ પુષ્ફચૂલિયા સૂત્રઃ- શ્રી, હ્રી, ધૃતિ આદિ દશે દેવીએ પૂર્વભવમાં પાર્શ્વનાથ પ્રભુ પાસે દીક્ષા લઈ શરીરની સુશ્રુષા કે જે કલ્પે નહિ તે કરી તો મોક્ષને બદલે દેવગતી પામી તેમ કહી પ્રભુ મહાવીરે નિરતિચાર સંયમ પાળવાનો, અને આલોચના કરવાનો પરમાર્થથી અત્રે બોધ આપ્યો છે.

૧૨ વહ્નિ દશા સૂત્રઃ- નિષધકુમાર આદિ બળભદ્રજીના બારે પુત્રોએ નેમનાથ પાસે સંયમ લઈ નિરતિચાર પાળ્યો તો બધા એકાવતારીપણે સર્વાર્થ સિધ્ધ વિમાનમાં ઉપજ્યા છે, તે ત્યાંથી ચ્યવી, મહાવિદેશ ક્ષેત્રમાં માનવભવ પામી સંયમ લઈ, શુધ્ધ ભાવે પાળી સિધ્ધ, બુધ્ધ, અને મુક્ત થશે.

ઉપરોક્ત અંગ અને ઉપાંગ સૂત્રોને દિગંબર સિવાય સર્વ જૈનો માને છે, તદ્‌ઉપરાંત ૪ મૂળ, ૬ છેદ, ૨ ચૂલિકા અને ૧૦ પયન્ના સૂત્રો મળી કુલે ૪૫ આગમને શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાય માને છે. જે નીચે છે.

**ચાર મૂળ સૂત્રઃ-**

૧ આવશ્યક સૂત્રઃ- સામાયિકાદિ છ આવશ્યક જે સાધુ-સાધ્વીજીએ ઉભય કાળ અવશ્ય કરવાનું ફરમાવ્યું છે તેનું કથન છે.

૨ દશ વૈકાલિક સૂત્રઃ- સાધુના આચાર ધર્મનું રૂડું નિરૂપણ છે.

૩ ઉત્તરાધ્યયન સૂત્રઃ- પ્રભુ મહાવીર સ્વામીએ છેલ્લા સોળ પ્રહર આપેલ ૩૬ અધ્યયન રૂપ વિનયાદિ અંતિમ દેશનાનું કથન છે.

૪ પિંડ નિર્યુક્તિ સૂત્રઃ- ૪૨ દોષરહિત આહારાદિ કેમ ગ્રહણ કરવા, ઈત્યાદિનું આત્મકલ્યાણકારી કથન છે.

છ છેદ સૂત્રઃ-

૧ દશાશ્રુતસ્કંધ સૂત્રઃ- ૨૦ અસમાધિના દોષ, ૨૧ સબળ દોષ, ૩૩ આશાતના, આચાર્યની ૮ સંપદા, ચિત્ત સમાધિના ૧૦ સ્થાન, શ્રાવકની ૧૧ પડિમા, સાધુના ૧૨ પડિમા, મહાવીર સ્વામીના ૫ કલ્યાણક, મહામોહનિયના ૩૦ સ્થાનક, અને નિયાણુ કરવાથી મળતી દુર્ગતિ એમ ૧૦ દશાનું કથન છે.

૨ બૃહત્કલ્પસૂત્રઃ- સાધુને કલ્પ્ય અને અકલ્પ્ય વસ્તુનું કથન છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩ વ્યવહાર સૂત્રઃ-વ્યવહાર ધર્મના પાંચ ભેદ (૧) આગમ વ્યવહાર, (૨) શ્રુત વ્યવહાર, (૩) આજ્ઞા, (૪) ધારણા અને (૫) જીત વ્યવહાર કહી ઉત્સર્ગ અને અપવાદ માર્ગનું કથન છે. પ્રાયશ્ચિતના ભાંગા છે.

૪ જીતકલ્પ સૂત્રઃ- આલોયણા-પ્રાયશ્ચિતનું નિરૂપણ છે.

૫ નિશીથ સૂત્રઃ- ચાર ભેદે પ્રાયશ્ચિત (૧) ગુરુ માસિક, (૨) લઘુ માસિક, (૩) ગુરુ ચૌમાસિક અને (૪) લઘુ ચૌમાસિક કોને લાગે અને તેની વિધિ બતાવી ઉત્તમ આચારધર્મ પાળવાનું કથન છે.

૬ મહાનિશીથ સૂત્રઃ- શ્રાવકના ઉપધાનાદિ આચારનું અને સાધુના આચારધર્મનું વિસ્તૃત કથન છે. નમસ્કાર મહામંત્રને મહાશ્રુતસ્કંધ આ સૂત્રમાં કહ્યો છે.

**બે ચૂલિકા સૂત્રો :-**

૧ નંદિ સૂત્રઃ- પાંચ જ્ઞાન (૧) મતિ, (૨) શ્રુત (૩) અવધિ, (૪) મનઃપર્યવ, અને (૫) કેવળ જ્ઞાનનું વિસ્તૃત કથન છે. જ્ઞાન ગ્રહણ કરવાની વિધિ કહી છે. સ્થવીરાવલી કહી છે. દ્વાદશાંગીને શાશ્વતી કહી તેના નામ આ પ્રમાણે કહ્યા છે :- (૧) પંચાચાર પ્રતિપાદક "આચારાંગ", (૨) સ્વ-સમય – પરસમય પ્રતિપાદક "સુયગડાંગ", (૩) એક આદિ દશ સ્થાનક પ્રતિપાદક "ઠાણાંગ", (૪) એક આદિ કોટાકોટી બોલી પ્રતિપાદક સમવાયાંગ (૫) વિવાહ પ્રજ્ઞપ્તિ અર્થાત્ ભગવતી સૂત્ર, (૬) દ્રષ્ટાંતોથી ન્યાયનું સ્થાપક જ્ઞાતા ધર્મકથા, (૭) શ્રાવક કરણી દર્શક "ઉપાસક દશાંગ", (૮) અંત સમયે સર્વ કર્મ ક્ષય કરી કેવળ પ્રગટાવી સિધ્ધ થનારના ચરિત્રો તે અંતગડ દશાંગ, (૯) અનુત્તર વિમાનોમાં ઉપજવાવાળાના ચરિત્રો તે "અનુત્તરોવવાઈ દશાંગ, (૧૦) આશ્રવ- સંવરનું પ્રશ્નોત્તર દર્શક "પ્રશ્નવ્યાકરણ", (૧૧) સુખદુઃખ રૂપ કર્મ વિપાકનું સ્વરૂપ બતાવનાર "વિપાક સૂત્ર" અને (૧૨) જ્ઞાનનો મહાસાગર તે "દૃષ્ટિવાદ" આ દ્વાદશાંગીને આચાર્ય ભગવંતની ગુણરત્નની "પેટી" કહી છે.

૨ અનુયોગદ્વાર સૂત્રઃ- તીર્થંકરના અર્થરૂપ વચનોની વિસ્તૃત વ્યાખ્યા કરવી તે " અનુયોગ " આમાં શ્રુતજ્ઞાન, આવશ્યક, ઉપક્રમ, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવાનુપૂર્વી, ઉપશમાદિ છ ભાવ, ૭ સ્વસ ૮ વિભક્તિ, ૯ રસ, ૧૦ નામ, પ્રમાણ, નય, નિક્ષેપ, સંખ્યા, પલ્યોપમ, સાગરોપમ, અનંતના ભેદાનુભેદ બતાવ્યા છે. દ્રવ્યને ભાવ સામાયિકનું સ્વરૂપ કહ્યું છે.

**દશ પયન્ના**

૧. ચઉસરણઃ- છ આવશ્યકના હેતુ સમજી મુનિવરોએ અરિહંતાદિ ચાર શરણ સ્વીકાર્યા તેનું કથન છે.

૨. આઉરપચ્ચકખાણઃ- જ્ઞાનાચારાદિ પાંચ આચાર અને બાર વ્રતના અતિચાર તજી શ્રાવકોએ શુભ ભાવના ભાવવી તેનું નિરૂપણ છે.

૩. મહાપચ્ચકખાણઃ- ચારિત્રવંત મુનિવરો શુધ્ધ અણસણ (સંથારો) આરાધી શિવપદ પામ્યા તેનું કથન છે.

૪. ભત પયન્નાઃ- કામભોગ, સ્નેહ ને દૃષ્ટિરાગ તજી જિનાજ્ઞા પાળી જે મુનિવરો મોક્ષ પામ્યા તેમનું વર્ણન છે.

૫. તંદુલ વેયાલિયઃ- જન્મ-મરણ અને ગર્ભના દુઃખોનું અને વૈરાગ્ય પોષક વિચારનું વિસ્તૃત વર્ણન છે.

૬. ગણિ વિજજાઃ- તિથિ, વાર, અને શુભ મુહૂર્તે શુધ્ધ ધર્મ આરાધી, જે મુનિવરો શિવપદ પામ્યા તેમનું વર્ણન છે.

૭. ચંદા વિજઝયઃ- સંસારમાં સમાધિ મેળવવી અતિ દુર્લભ છે તેનું રૂડું નિરૂપણ છે,

૮. દેવેન્દ્ર સ્તવનઃ- ઈન્દ્રાદિ દેવોએ મેરૂ પર્વત પર પ્રભુની સ્તવના કરી તેનું વર્ણન છે.

૯. મરણ સમાધિઃ- અંતકાળે જે મુનિવરો સમાધિ સાધી શિવપદ પામ્યા તેનું વર્ણન છે.

૧૦. સાંથારગઃ- વૃક્ષની જેમ સ્થિર રહી પાદોપગમન સંથારો (અણસણ) આદરી જિનેશ્વરો તથા મુનિવરો સિધ્ધપદ પામ્યા તેનું વર્ણન છે.

ઉપરોક્ત ૪૫ આગમમાંથી સ્થાનકવાસી તથા તેરાપંથી સંપ્રદાયો ૧૧ અંગ - દ્રષ્ટિવાદ વિચ્છેદ ગયું છે તેથી, ૧૨ ઉપાંગ, ૪ મૂળ તે શ્રી ઉત્તરાધ્યયન, દશવૈકાલિક, નંદિસૂત્ર ને અનુયોગદ્વાર સૂત્ર, અને ૪ છેદ સૂત્રો તે, (૧) નિશીથ, (૨) વ્યવહાર (૩) બૃહત્કલ્પ અને (૪) દશાશ્રુત સ્કંધ અને ૩૨ મું આવશ્યક સૂત્ર માત્ર ૩૨ આગમને માને છે.

**સમાપન અર્થાત્ આગમસાર :-**

સર્વ આગમનો સાર અનંતા તીર્થંકર ભગવંતોએ શ્રી આચારાંગ સૂત્રમાં જે ફરમાવ્યો છે કે " કોઈ પણ જીવની હિંસા ન કરો, તેને પીડા પણ ન ઉપજાવો, મનથી પણ તેને દુભવો નહિ. સંપૂર્ણ દયામય અહિંસા ધર્મ પાળો તેને તો જૈન માત્ર માને છે."

મહર્ષિ વેદવ્યાસે હજારો શ્લોક પ્રમાણ મહાભારત રચ્યું, ત્યારે કોઈ સામાન્ય માનવીએ કહ્યું આટલું બધું ક્યારે વંચાય ને કેમ સમજાય, ટૂંકમાં સાર કહો તો સારૂ-ત્યારે મહર્ષિએ માત્ર અર્ધા જ શ્લોકમાં સાર કહ્યો કે "પરોપકાર પુણ્યાય, પાપાય પરપીડનમ્ ॥ પરોપકાર કરવાથી પુણ્ય બંધાય છે, પરને પીડા દેવાથી પાપ બંધાય છે." તેજ પ્રમાણે જિનેશ્વરના આગમ તો મહાસાગર પ્રમાણ છે, પણ વીરપ્રભુ એ તેનો સાર માત્ર અર્ધી ગાથામાં કહી દીધો છે :- ધમ્મો મંત્રલ મુક્કિઠં અહિંસા સંજમો તવો દશ વૈકાલિક સુત્ર દયામય, અહિંસા, સંયમ, અને તપરૂપી ધર્મ તેજ ઉત્કૃષ્ટ મંગલ ધર્મ છે. કારણકે તેનું શુધ્ધ ભાવે પાલન કરવાથી અનંતા જીવો મુક્તિને પામ્યા છે. હાલ મહાવિદેહ ક્ષેત્રમાં પામે છે, અને ભાવિમાં પામશે." તેવા ઉત્કૃષ્ટ દયામય ધર્મનું આપણે પાલન કરીએ એજ પ્રાર્થના.


वैर भाव मन में बसा, उदित हुआ जब क्रोध ।
जयन्तसेन मूर्ख बना, लेता वह प्रतिशोध ॥
Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org